- **સર્વનામ એટલે શું?**

➢ નામને બદલે વપરાતા પદોને સર્વનામ કહેવાય છે.

➢ જુદી જુદી વ્યક્તિઓ કે પુરુષોને દર્શાવવા માટે વાપરતા સર્વનામોને પુરૂષ વાચક સર્વનામ કહેવાય છે.

| | **એકવચન** | **બહુવચન** |
|---|---|---|
| **પ્રથમ પુરુષ** | હુ, મારુ, મારાથી, મારાથી, મે, તને | અમે, અમને, અમારુ, અમારાથી, અમારામાં |
| **બીજો પુરુષ** | તું, તમે, તને, તારાથી, તારામા, તારુ, તે | તમે, તમને, તારાથી, તારામા, તમારાથી, આપ, આપને |
| **ત્રીજો પુરુષ** | તે, તેનાથી, તેનું, તેનામા, તેને | તેઓ, તેનાથી, તેઓને, તેઓનું, તેમનામાં, તેમનું |

**1. સ્વવાચક સર્વનામ**

➢ જે સર્વનામ પુરૂષ વાચક સર્વનામની સાથે વપરાયને તેને પોતાને ઓળખાવે તે સર્વનામને સ્વવાચક સર્વનામ કહેવાય છે.

➢ ઉદા.

✓ અમે પોતે આમંત્રણ આપ્યું.

✓ તેઓ જાતે જ આ કાર્ય કરવાના છે.

✓ તમે ખુદ આવજો.

✓ હું પડે ત્યાં જવાનો છુ.

✓ હું સ્વયં બોલવાનો છુ.

**2. દર્શક સર્વનામ**

- પાસેની કે દુરની પરંતુ પ્રત્યક્ષ વસ્તુ કે વ્યક્તિ દર્શાવવા વાપરતા સર્વનામને દર્શક સર્વનામ કહેવાય છે.
- ઉદા.
  - ✓ આ રહ્ય ઈંગ્લેન્ડના એક યસસ્વી વડાપ્રધાન.
  - ✓ એ ત્યા કામ કરતા હશે.
  - ✓ તે લોકો બહુ સરળ હતા.
  - ✓ પેલા ભાઈને મે તમારી બુક આપી.

**3. સાપેક્ષ સર્વનામ (સબંધી સર્વનામ)**

- એક બીજાની અપેક્ષાએ વપરાતા સર્વનામોને સાપેક્ષ સર્વનામ કહેવાય છે.
- ઉદા.
  - ✓ જે અફવા ફેલાવે તે દેશદ્રોહી ગણાય.
  - ✓ જેણે આપી જાણ્યું તેણે જીવી જાણ્યું.
  - ✓ જેને રામ રાખે તેને કોઈ ન ચાખે.
  - ✓ જેવું વાવશો તેવું લણશો.

**4. પ્રશ્નવાચક સર્વનામ**

- નામને બદલે વપરાતા અને પ્રશ્ન પુછવા માટે ઉપયોગમાં લેવાતા સર્વનામોને પ્રશ્નવાચક સર્વનામ કહેવાય છે.
- ઉદા.
  - ✓ આ ઓરડામાં કોણ ફરે છે?
  - ✓ તમારે શું જોઈએ છે?
  - ✓ તમારે શેમાં બેસવું છે?

- ✓ કોને કહો છો?
- ✓ કયું પુસ્તક લાવ્યા છો?

**5. અનિશ્ચિત સર્વનામ**

- ➢ જે સર્વનામ વડે નિશ્ચિત વસ્તુ વ્યક્તિ કે પદાર્થનો અર્થ સૂચવાતો નથી તેવા સર્વનામોને અનિશ્ચિત સર્વનામ કહેવાય છે.
- ➢ ઉદા.
  - ✓ તમે કઈ કહેશો?
  - ✓ કોઈ પડી ગયું લાગે છે.
  - ✓ કોઈ કે બુમ પાડી
  - ✓ કેટલા લોકો ત્યાં ઉભા હતા
  - ✓ અન્યવાત મારે સાંભળવી નથી.
  - ✓ સૌ પોતપોતાની રીતે જશે.